# Telephone conversation between Prime Minister and Prime Minister of Sri Lanka H.E. Mahinda Rajapaksa

August 06, 2020

## વડાપ્રધાન અને શ્રીલંકાનાં વડાપ્રધાન મહામહિમ મહિંદા રાજાપક્ષા વચ્ચે ટેલીફોન પર વાતચીત

ઓગસ્ટ 06, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શ્રીલંકાનાં વડાપ્રધાન મહામહિમ મહિંદા રાજાપક્ષા સાથે વાચ કરી હતી, અને ગઈકાલે શ્રીલંકામાં સફળતાપૂર્વક સંસદીય ચૂંટણીઓ હાથ ધરવા બદલ તેઓને અભિનંદન પાઠવ્યા હતા.કોવિડ-19 મહામારીનાં અવરોધો હોવા છતા પણ અસરકારક રીતે ચૂંટણીઓ યોજવા બદલ વડાપ્રધાને શ્રીલંકાની સરકાર અને ચૂંટણી સંસ્થાઓની પ્રશંસા કરી હતી. તેણે ચૂંટણીઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા બદલ શ્રીલંકાનાં લોકોની પણ પ્રશંસા કરી હતી, અને કહ્યું હતું કે આ બન્ને દેશોમાં પ્રવર્તમાન મજબૂત લોકશાહી મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે.

વડાપ્રધાન શ્રી મોદીએ નોંધ લીધી હતી કે ચૂંટણીઓનાં આવનારા પરિણામો શ્રીલંકા પોદુજના પેરામુના (SLPP) પક્ષ દ્વારા પ્રભાવી ચૂંટણી કામગીરી સૂચવે છે, અને આ બાબતમાં મહામહિમ શ્રી મહિંદા રાજાપક્ષેને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

અગાઉનાં તેઓનાં સસ્નેહ અને ફળદાયક વાર્તાલાપોને યાદ કરતા, બન્ને નેતાઓએ પ્રારંભથી ચાલતા અને બહુ-આયામી ભારત-શ્રીલંકાં સંબંધને મજબૂત કરવાની તેઓની સંયુક્ત પ્રતિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. તેઓએ દ્વિપક્ષીય સહકારનાં તમામ ક્ષેત્રોમાં વહેલા પ્રગતિની અગત્યતા પર ભાર મૂક્યો હતો.

વડાપ્રધાને મહામહિમ શ્રી રાજાપક્ષાને ભારતમાં બૌદ્ધ યાત્રાધામ એવા ખુશીનગરમાં આંતરરાષ્ટ્રિય એરપોર્ટની સ્થાપનાં અંગેની માહિતી આપી હતી, અને કહ્યું હતું કે આ શહેર વહેલી તકે શ્રીલંકાથી મુલાકાતીઓને આવકારવાની અપેક્ષા રાખે છે.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીથી આવી પડેલા પડકારો સંબોધવા નજીકનો સંપર્ક જાળવી રાખવા માટે સંમત થયા હતા અને આવનારા દિવસોમાં દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈઓ પર લઈ જવાનો સંકલ્પ કર્યો હતો.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 06, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.